# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૦ જૂન, ૨૦૦૪)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૨ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

**(‘વચનામૃત’ના આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચે આપેલ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૧૮)

૧. ગ. મ. ૧૬ પ્રમાણે મંદ - વૈરાગ્યવાળાને ઊગર્યાનો ઉપાય.
૨. મનને સ્થિર થવાનું અને નિર્વિષયી થવાનો ઉપાય.
૩. ગ. મ. ૨૨ પ્રમાણે શૂરવીર અને કાયર હરિભક્તનો ભેદ સમજાવો.
૪. સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો, પણ અવગુણ લેવો નહીં.
૫. ગ. મ. ૫૯ પ્રમાણે જીવને કૃતાર્થપણું માનવાનો ઉપાય.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને વચનામૃતના સંબંધિત ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. અને ભગવાનના જે ......... ભગવાનના યશને જ સાંભળે.
૨. અને એ અક્ષરાતીત જે ......... વિષે લીન થાય છે.
૩. અને ભગવાનના ભક્તની ......... તે તો ભક્તિરૂપ છે.
૪. જે તેજને વિષે મૂર્તિ છે ......... પરમ કલ્યાણ થશે.
૫. અને જેનો સંગ કર્યા ......... ત્યાગ કરવો.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના ‘વચનામૃત’ને આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. કલ્યાણ-પરમ કલ્યાણ ૨. આત્મનિષ્ઠા ૩. પ્રીતિ

**(‘સ્વામીની વાતો’ના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (ગુણ ૬)

૧. ગોપાળાનંદ સ્વામીએ શું શીખવ્યું ?
૨. સત્સંગ ક્યારે થાય ?
૩. પતંગિયો કોનો અભિપ્રાય જાણી શકતો નથી ?
૪. કોનાં દર્શને કરીને સમાધિ જેવું સુખ વરત્યા કરે છે ?
૫. રબારીની વાત સાંભળી બ્રાહ્મણનું શું ખોટું થયું ?
૬. લાખ મણ લોઢાની લોઢી ક્યારે ઠરે ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** (ગુણ ૭)

૧. બાર ગુણે યુક્ત બ્રાહ્મણ હોય ને તેને જો પ્રત્યક્ષ ભગવાનની સાથે ઓળખાણ ન હોય તો તે કરતાં ભગવાનનો ભક્ત ........................ હોય તે શ્રેષ્ઠ છે. (ગરીબ, શ્વપચ, વાસનાવાળો)
૨. જેમ જેમ ........................... થતું જાય તેમ તેમ મહિમા સમજાતો જાય. (જ્ઞાન, ધ્યાન, નિદિધ્યાસન)
૩. શ્રીજીના પ્રગટપણાની વાત વણથળી જતાં સ્વામીશ્રીએ ........................... ને કરી. (જાગા ભક્ત, ડાહ્યાભાઈ, વશરામભાઈ)
૪. જેણે ........................... ને સેવ્યા હોય તેની બુદ્ધિ ભેદાતી નથી. (સત્પુરુષ, સાત્ત્વિક, સંત)
૫. તે દોષ જોનારો કોટિકલ્પ સુધી ......................... પામતો નથી. (નિવૃત્તિ, સુખ, આનંદ)
૬. ત્યારે એમ જાણવું જે ........................... નો સંગ મન, કર્મ, વચને કર્યો છે. (સત્પુરુષ, મોટા સાધુ, સંત)
૭. કારણ શરીરનો નાશ થઈ જાય તે ઉપર ........................... વચનામૃત વંચાવીને વાત કરી. (પ્ર. ૭૧, કા. ૯, કા. ૧૨)

**(ક) ‘સ્વામીની વાતો’ના અભ્યાસક્રમના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. સત્સંગનો મહિમા ૨. કારણ શરીર નાશ કરવાનો ઉપાય
૩. હીરાના દૃષ્ટાંતે ભગવાનનો મહિમા

**(‘ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ૨’ નવી આવૃત્તિના આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. સ્ત્રી-પુરુષમર્યાદાના સદાગ્રહી વર્ણીરાજ ૨. નીલકંઠનું વ્યક્તિત્વ દર્શન.
૩. ‘ભગવાન અને સંત મળેલાને કદી રઝળાવતા નથી.’ - નીલકંઠની યાત્રામાં ચરિતાર્થ થતી ઉક્તિ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. નીલકંઠ પૂર્વ બંગાળમાં
૨. ઘનશ્યામનો ગૃહત્યાગ
૩. રામાનંદ સ્વામીએ કહેલો નીલકંઠવર્ણીનો મહિમા
૪. આખા-પીપલાણા અને મેઘપુરમાં શ્રીહરિનું વિચરણ

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૮ જુલાઈ, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૨૦ જૂન, ૨૦૦૪ પરીક્ષા : સત્સંગ પ્રાજ્ઞ-૨(૧) માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો. ૮૦૧

પરીક્ષાર્થીની અટક :- 
પરીક્ષા આપી તે તારીખ :-
પરીક્ષાર્થીનું નામ :-
પરીક્ષા આપી તે સમય :-
પિતા / પતિનું નામ :-
બેઠક ક્રમાંક :- | | | | | | |
પરીક્ષા સ્થળનું નામ :-
કેન્દ્ર નંબર :- | | | | |
પરીક્ષાર્થીની સહી :-
કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**